ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

વિધાનસભામાં કોંગ્રેસનો હંગામો

કોંગ્રેસના સભ્યોને ટિંગાટોળી કરીને બહાર કઢાયા : રાજ્ય વિધાનસભાનું બે દિવસનું વિશેષ સત્ર : કોંગ્રેસે માગણી કરી કે સરકારી કર્મચારીઓને ઓપીએસ આપવું જોઇએ : સરકાર ઉદાર મન રાખી માગ પુરી કરે

ગાંધીનગર, તા.૨૧

આજથી વિધાનસભાનું ૨ દિવસીય વિશેષ સત્ર શરૂ થયુ છે. સત્ર શરૂ થતા જ કોંગ્રેસ ગૃહમાં આક્રમક મૂડમાં જોવા મળી. કોંગ્રેસે ન્યાય આપોના નારાથી વિરોધ શરૂ કર્યો હતો. કોંગ્રેસે માંગણી કરી કે સરકારી કર્મચારીઓને ઓપીએસ આપવું જોઇએ. સરકાર ઉદાર મન રાખી અધ્યક્ષે કોંગ્રેસ સભ્યને વિનંતી કરી કે બે દિવસીય ટૂંકુ સત્ર છે. ગૃહની ગરિમા જાળવી ગૃહની કાર્યવાહી આગળ ચાલવા દો. સિનિયર સભ્યો છો અને લોકોનું પ્રતિનિધિત્વ છો. લોકશાહીના નિયમ હેઠળ રજુઆત કરી શકો છો. ગૃહની અંદર દેખાવો અને ધરણા કરવા યોગ્ય નથી.

રાજેન્દ્ર ત્રિવેદીએ સભ્યોને વિનંતી કરી કે ટૂંકી મુદતના પ્રશ્ન પર ચર્ચા કરો. સમયનો ઉપયોગ કરો. બંધારણ હેઠળ ચર્ચા કરો. લોકશાહીનું હનન કોંગ્રેસ કરી રહ્યું છે. ગૃહની ગરિમા જાળવો અને તમામ સભ્યો શાંતિથી બેસો. શૈલેશ પરમારે કહ્યુ કે સરકારને વિનંતી છે કે સરકારના તમામ વિભાગના કર્મચારીઓથી સરકાર ચાલે છે. હાલ આંદોલન ચાલે છે તેની ચર્ચા કેમ ગૃહમાં થઈ ન શકે? કેમ સરકાર ચર્ચા કરવા તૈયાર નથી?

રાજેન્દ્ર ત્રિવેદીએ કોંગ્રેસના જે સભ્યો વેલમાં છે તેમને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માગ કરી. કોંગ્રેસના સભ્યોએ ધરણા પ્રદર્શન કરીને વિરોધ કર્યો. સભ્યોને સ્થાન લેવા માટે અધ્યક્ષે વારંવાર ટકોર કરી. ગૃહમાં આજના દિવસ માટે કોંગ્રેસના સભ્યોને ગૃહમાંથી બહાર રહેવાનો પ્રસ્તાવ રખાયો. વેલમાં આવેલા કોંગ્રેસના તમામ સભ્યોને દૂર કરવા સાર્જન્ટને સૂચના અપાઈ અને આજના દિવસે વેલમાં આવેલા કોંગ્રેસ સભ્યો ગૃહમાં આવી શકે નહીં તેમ જણાવાયુ. સાર્જન્ટ કોંગ્રેસના સભ્યોને ટીંગાટોળી કરીને લઈ ગયા. ગુજરાત વિધાનસભામાં આજે કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભામાં આવતા પહેલા જ વિરોધ શરૂ કરી દીધો હતો. આ સાથે કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભામાં જઈને વેલમાં આવીને વિરોધ કર્યો હતો. જેના કારણે વેલમાં ઘૂસી આવેલા કોંગ્રેસના ધારાસભ્યોને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સરકાર ઝૂકી, ઢોર નિયંત્રણ બીલ આખરે પરત ખેંચાયું

રાજ્યમાં માલધારી સમાજના વિરોધનો જોરદાર પડઘો : સર્વ સંમતિથી ઢોર નિયંત્રણ બીલ પરત ખેંચવામાં આવતા માલધારી સમાજમાં પણ ખુશીનો માહોલ છવાઈ ગયો

ગાંધીનગર, તા.૨૧

ઢોર નિયંત્રણ કાયદાને લઈ રાજ્યના માલધારી સમાજે સરકાર સામે બાંયો ચઢાવી હતી. ઢોર નિયંત્રણ કાયદો પરત ખેંચવાની માગ સાથે આજે માલધારી સમાજ દ્વારા દૂધની હડતાળ પાળવામાં આવી હતી. ત્યારે આખરે હવે સરકાર માલધારી સમાજ સામે ઝૂકી છે. ઢોર નિયંત્રણ બીલ હવે વિધાનસભા ગૃહમાં પરત ખેંચવામાં આવ્યું છે. સર્વ સંમતિથી ઢોર નિયંત્રણ બીલ પરત ખેંચવામાં આવ્યું છે. મહત્વનું છે કે, સરકાર દ્વારા ઢોર નિયંત્રણ બીલ રાજ્યપાલને રજૂ કરવામાં આવ્યું હતું. પણ હવે આ બીલ પરત ખેંચવામાં આવતા માલધારી સમાજમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં રખડતા ઢોરોને લઈ રાજ્ય સરકારે એક બીલ પસાર કર્યુ હતુ. આ બીલ રાજ્યપાલને પણ સોંપવામાં આવ્યું હતું. ત્યારે હવે ઢોર નિયંત્રણ બીલ વિધાનસભા ગૃહમાં પરત ખેંચવામાં આવ્યું છે. સર્વ સંમતિથી આ બીલ પરત ખેંચવામાં આવ્યું છે. આ કાયદા સામે માલધારી સમાજે સરકાર સામે બાંયો ચઢાવી હતી. સાથે જ આજે માલધારી સમાજ દ્વારા સમગ્ર ગુજરાતમાં દૂધનું વિતરણ બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. ત્યારે માલધારી સમાજના ભારે વિરોધ બાદ હવે સરકાર સફાળી જાગી હતી અને સર્વ સંમતિથી બીલ પરત ખેંચવામાં આવ્યું છે. તો સરકારમાં પ્રવક્તા જીતુ વાઘાણીએ જણાવ્યું કે, આ બીલ મંજૂર થયા બાદ સરકારે માલધારી સમાજના આગેવાનો સાથે ખુલ્લા મને ચર્ચાઓ કરી છે. તેમની સમસ્યા પણ સમજી છે. સાથે સાથે મહાનગર અને પાલિકામાં પણ લોકોને તકલીફ ન પડે એટલા માટે એમના માટે પણ નિર્ણયો લેવામાં આવ્યા છે. ઢોરવાડા બનાવીને ઢોરને મૂકી જવાના અને ચૂકવણી કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમતોલ વ્યવસ્થા રાજ્યમાં કરીને આ ઢોર નિયંત્રણ કાયદો રાજ્યપાલે પરત મોકલ્યો છે. ત્યારે વિધાનસભામાં આજે સર્વાનુમતે પરત ખેંચવામાં આવ્યો છે.

મહત્વનું છે કે, આજે માલધારી સમાજ દ્વારા ઢોર નિયંત્રણ કાયદાનો વિરોધ કરવામાં આવ્યો હતો. સાથે જ સમગ્ર ગુજરાતમાં માલધારી સમાજ દ્વારા દૂધનું વિતરણ બંધ રાખવામાં આવ્યું હતું. જે બાદ સમગ્ર રાજ્યના કેટલાંક વિસ્તારોમાં કફોડી સ્થિતિ ઉભી થઈ હતી. અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં દુકાનો પણ બંધ કરાવવામાં આવી હતી. આ સિવાય સુરતમાં દૂધની થેલીઓ તાપીમાં ફેંકવામાં આવી હતી. પણ હવે રાજ્ય સરકારે ઢોર નિયંત્રણ બીલ પરત ખેંચતા માલધારી સમાજમાં પણ ખુશી જોવા મળી રહી છે.

માજી સૈનિકો અને એસટી કર્મીઓનું આંદોલન પૂર્ણ

વિધાનસભાના સત્ર પહેલા સરકારને હાશકારો : માજી સૈનિકોના ૧૪ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવશે

ગાંધીનગર,તા.૨૧

રાજ્યમાં હાલ આંદોલનની મોસમ ચાલી રહી છે. ગાંધીનગરમાં એક બે નહીં પરંતુ ગુજરાત સરકાર સામે ૨૬ આંદોલનો ચાલી રહ્યા છે. ત્યારે માજી સૈનિકોનું આંદોલન પૂર્ણ થયું છે. માજી સૈનિકોના ૧૪ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવાની રહેશે. આ સાથે એસટી કર્મીઓનું આંદોલન પણ પૂર્ણ થયું છે. નિવૃત્ત સૈનિકોના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિ રચવામાં આવશે. માજી સૈનિકોના ૧૪ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવશે. જેમાં કમિટિના ૫ સભ્યો હાજર રહેશે, નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સમાધાન કરવામાં આવ્યું છે. જેમાં ડ્રાઈવર અને કંડક્ટરના ગ્રેડ પેની અમલવારી બાદ બાકી રહેતું એરિયર્સ ચુકવવા અને ગ્રેડ પેની વિસંગતા ૧-૧૦-૨૦૨૨ સુધીમાં ચુકવવામાં આવશે. નિગમના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની ૧૧ ટકા અસર સપ્ટેમ્બર- ૨૦૨૨ પેઈડ ઈન ઓક્ટોબર ૨૦૨૨માં અસર આપવામાં આવશે. જ્યારે બાકી વધેલા ત્રણ ટકા મોંઘવારી ભથ્થાની અસર ૦૧-૦૨-૨૦૨૩ સુધીમાં આપવાનું નક્કી કરવામાં આવ્યુ છે. ત્રણ હપ્તામાં આ રકમ ચુકવવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

સચિવાલયમાં ઈન્ટર ડિપાર્ટમેન્ટ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. જેમાં સિંગલ અને ડબલ્સની સ્પર્ધામાં સચિવાલય વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં ફરજ બજાવતા અમી રાવલ વિજેતા થયા છે. જ્યારે ડબલ્સની આ ટુર્નામેન્ટમાં પાયલ બ્રહ્મભટ્ટ અને મિક્સ ડબલ્સમાં વિપુલ વસાવા તેમના પાર્ટનર હતા તેમના ભવ્ય વિજય બદલ કર્મચારીઓ સહીત સ્થાનિક અગ્રણીઓએ તેમને શુભેચ્છા પાઠવી છે.

શહેરમાં જોખમી વૃક્ષો યથાવત

સેકટરોમાં નવરાત દરમિયાન હવે, વૃક્ષોનુ ટ્રીમીંગ કરાશે

સેકટરોમાં નડતરરૂપ થતા વૃક્ષોના તોતિંગ ડાળાઓ દુર કરવા સ્થાનિકોની રજુઆત : શહેરમાં ઉભા સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી થઈ નથી જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પણ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ સ્થાનિકો માટે નડતરરૂપ બની રહી છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ રીંગ રોડ પર ઠેર ઠેર વૃક્ષોની ડાળીઓ નમી પડેલી જોવા મળે છે. જયારે શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ વૃક્ષોની તોતિંગ ડાળીઓ નમી પડેલી અને નડતરૂપ હાલતમાં જોવા મળી રહી છે. સેકટરોમાં લાંબા સમયથી ઉભા સુકા વૃક્ષો મામલે પણ તંત્રએ સર્વે કર્યો નથી. જેના લીધે સુકાયેલા વૃક્ષો પણ જોખમી હાલતમાં છે. નગરના ગ માર્ગ પર પણ વૃક્ષોના ડાળાઓ માર્ગ પર અડચણરૂપ બને તેવી સ્થિતિમાં છે. સેકટરોના એપ્રોચ પાસે પણ વૃક્ષોનુ ટ્રીમીંગ ન થતા ઘણાં ઠેકાણે વાહનચાલકોને વિઝન મળતુ નથી. ત્યારે શહેરના વોક વે ની હાલત પણ આવી જ છે. નગરની ફુટપાથની જાળવણી માટે

● અનુસંધાન પાન-૭ પર

નવરાતનુ કાઉન્ટ ડાઉન શરૂ

ખૈલેયાઓ રાત્રિના ૧૨ વાગ્યા સુધી ગરબે ઘુમી શકશે

કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી ગરબા મહોત્સવનુ આયોજન થઇ શક્યુ નથી ત્યારે સમય મર્યાદા વધારવા ખૈલેયાઓની પ્રબળ માંગ

ગાંધીનગર તા ૨૧

નવદુર્ગાની આરાધનના નવરાત પર્વના આડે હવે માંડ ચાર પાંચ દિવસ આડા રહ્યા છે. નવરાત પર્વનુ કાઉન્ડ ડાઉન શરૂ થતા ખૈલેયાઓ અને ગરબા પ્રેમીઓની ઉત્સુકતા વધી છે. કોરોના કાળમાં બે વર્ષના અંતે ગરબા મહોત્સવની ભવ્ય ઉજવણી માટે ગરબા મેદાન તૈયાર થઇ રહ્યા છે. સેકટરોમાં પણ શેરી ગરબાની ઉજવણી માટે નાગરિકો વિશેષ ઉત્સુક જોવા મળે છે. ત્યારે ગરબામાં વરસાદી વિઘ્ન વચ્ચે સમયની પાબંદી પણ ખૈલેયાઓને ખુંચી રહી છે. જો કે સરકારે રાત્રિના ૧૨ વાગ્યા સુધી ગરબા માટે મંજુરી આપી દીધી છે. ત્યારે કોરોના કાળમાં બે વર્ષથી નવરાત પર્વનુ આયોજન થઇ શક્યુ નથી ત્યારે આ વર્ષે ગરબે ઘુમવા માટે થોડો વધુ સમય મળે તેવી લાગણી પણ ખૈલેયાઓમાં પ્રબળ બની છે.

નવલી નવરાત પર્વની ઉજવણીનુ કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયુ છે. કોરોના કાળમાં બે વર્ષના અંતે નવરાત્રિ પર્વની ઉજવણી રંગેચંગે કરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે ખૈલૈયાઓ પણ આ વખતે નવરાત્રિમાં મનમુકીને ગરબે રમવા માટે વિશેષ ઉત્સુક બન્યા છે. નવરાત્રિ પર્વને અનુલક્ષી સરકારે રાત્રિના ૧૨ વાગ્યા સુધી ગરબા રમવાની મંજુરી આપી દીધી છે. છેલ્લા કેટલાક વર્ષોથી નવરાત પર્વની ઉજવણીને અનુલક્ષી સમયની પાબંદી ખૈલેયાઓને ખુંચી રહી છે. આડા દિવસોમાં રાત્રિના ૧૦ વાગ્યા સુધી જ લાઉડ સ્પીકરની છુટછાટ હોય છે. ધ્વનિ પ્રદુષણ નિયંત્રિત કરવાના કાયદા મુજબ લાઉડ સ્પીકરનો ઉપયોગ રાત્રે ૧૦ થી મધ્ય રાત્રિના ૧૨ વાગ્યા સુધી છુટછાટ આપવામાં આવી છે. જેમાં નવરાત પર્વના ૯ દિવસ ઉપરાંત દશેરા અને જન્માષ્ટમી પર્વને અનુલક્ષી કુલ ૧૧ દિવસ માટે રાહત આપવામાં આવે છે. જેમાં આગામી નવરાત પર્વને અનુલક્ષીને પણ સરકાર કક્ષાએથી નવરાતના ૯ દિવસ માટે રાત્રિના ૧૨ કલાક સુધી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે મંજુરી આપવામાં આવી છે. જેથી ખૈલેયાઓ આ વર્ષે પણ રાત્રિના ૧૨ ના ટકોરા સુધી ગરબે ઘુમવાનો આનંદ લઈ શકશે. શહેરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવને અનુલક્ષી કલ્ચરલ ફોરમ દ્વારા પણ સે-૧૧ માં ગરબા મેદાન

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં માલધારીઓનું વિરોધ પ્રદર્શન

માલધારીઓએ દૂધ અબોલ પ્રાણીઓને પીવડાવી વિરોધ પ્રદર્શન કર્યું :સવારથી જ માલધારી સમાજનું વિરોધ પ્રદર્શન : બપોરે વિધાનસભામાં 'રખડતા ઢોર નિયંત્રણ બિલ' પરત ખેંચાયું

ગાંધીનગર, તા.૨૧

આજે ગુજરાતભરમાં માલધારીઓ અને પશુપાલકો ઢોર નિયંત્રણ કાયદાનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આજે રાજ્યભરમાં ઠેર-ઠેર દૂધ ઢોળીને કાયદો રદ કરવાની માંગ સાથે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો જે અંતર્ગત ગાંધીનગરમાં માલધારી સમાજે સંવેદના દાખવતાં સેક્ટર-૨૬માં દૂધ ઢોળી દેવાને બદલે કૂતરાં સહિતના અબોલ પ્રાણીઓને પીવડાવી દેવાનો અભિગમ દાખવ્યો હતો. જોકે બીજી તરફ ગુજરાત વિધાનસભામાં આજે પ્રથમ દિવસે જ ઢોર નિયંત્રણ બિલને પરત ખેંચી લેવાયું હતું જેના પગલે માલધારીઓ અને પશુપાલકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

રાજ્ય સરકારે અગાઉથી ખાતરી આપી હતી અને રાજ્યપાલે પણ બિલ પરત મોકલ્યું હોવા છતાં માલધારી સમાજે આજે ડેરીઓમાં દૂધ નહીં ભરાવવાનો કે ગ્રાહકોને દૂધ નહીં વેચવાનો તેમનો વિરોધ કાર્યક્રમ યથાવત રાખ્યો હતો. આ અતંર્ગત શહેરમાં આજે દૂધ ઉત્પાદકોએ ડેરીઓમાં દૂધ ભરાવ્યું નહોતું કે નિયમિત બાંધેલા ગ્રાહકોને પણ દૂધ આપ્યું નહોતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવેલું ઢોર નિયંત્રણ બિલ રાજ્યપાલે પુનઃવિચારણા માટે પરત મોકલ્યું હતું. આજે વિધાનસભામાં તે બિલ પરત ખેંચવા માટે સભ્યોની મંજુરી માટે મુક્યું હતું જે બિલ સર્વાનુમતે વિધાનસભા ગૃહમાંથી પાછું ખેંચવામાં આવ્યુ હતું. વિધાનસભા અધ્યક્ષા ડો.નીમાબેન આચાર્ય દ્વારા રખડતા ઢોર નિયંત્રણ બિલને પરત ખેંચવાની અનુમતિ આપી દેવાઈ હતી.

શહેરના સે-૧૦ અને ૧૧ના ૧૪ કિમીના માર્ગોનુ રીસરફેસીંગ કરાશે

નગરના મુખ્ય ઘ-માર્ગનુ પણ બાકી કામ પુર્ણ કરવા માટે નવરાત દરમિયાન કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં માર્ગ સુધારણાની મોટાભાગની જવાબદારી હવે કોર્પોરેશનના શીરે છે. શહેરના સેકટરોમાં સ્થિત અંદાજિત ૫૨૬ કી મી ના રોડ નેટવર્ક પૈકી ૭૦ કીલોમીટરના ઉભા આડા માર્ગોની નિભાવણીની જવાબદારી પાટનગર યોજના વિભાગ હસ્તક છે. કોર્પોરેશન કક્ષાએથી સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ટુંકમાં હાથ ધરવામાં આવશે. જયારે શહેરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ બાકી કામ પણ નવરાત દરમિયાન હાથ ધરાશે. સે -૧૦ અને સે-૧૧ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ આગામી દિવસોમાં શરૂ કરાશે

ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોનુ રોડ નેટવર્ક અંદાજિત ૫૨૬ કીલોમીટરનુ છે. જયારે અત્યાર સુધી આ તમામ માર્ગોની જાળવણીનુ કામ માર્ગ મકાન વિભાગ હસ્તક હતુ શહેરના સાત ઉભા અને આડા માર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોની જાળવણી તેમજ રીસરફેસીંગ સહીતની જવાબદારી પાટનગર યોજના ભવનના શીરે હતી જો કે છેલ્લા કેટલાક સમયથી સેકટરોના આંતરિક માર્ગોની નિભાવણીનુ કામ કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યુ છે. જયારે નગરના મુખ્યમાર્ગોની

● અનુસંધાન પાન-૭ પર

શહેરના સરકારી આવાસોમાં

અનઅધિકૃત કબજેદારોની તપાસ કરવાની ઝુંબેશનુ સુરસુરિયુ

સે-૬ માં થી અગાઉ પેટાભાડુઆતોના કિસ્સા પ્રકાશમાં આવ્યા બાદ તંત્રએ ઝુંબેશ આટોપી લીધી : સેકટરોમાં હજુ પણ ૧૦૦ જેટલા આવાસોમાં અનઅધિકૃત કબજો

ગાંધીનગર તા ૨૧

શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની ઘટ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનો દાયકાઓના અંતે હવે રહેણાંકને લાયક રહ્યા નથી. જેના લીધે કર્મચારીઓને ફાળવવા લાયક મકાનો ઉપલબ્ધ નથી આ સ્થિતિ વચ્ચે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. કર્મચારીઓ આવાસ માટે મોટી પ્રતિક્ષા યાદીમાં છે. આવા સંજોગોમાં આવાસની ઘટ નિવારવા માર્ગ મકાન વિભાગ કક્ષાએથી રીનોવેશન હેઠળ આવરી શકાય તેવી સ્થિતિમાં હોય એ મુજબના મકાનોનુ પણ મજબુતીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. બીજીતરફ સેકટરોમાં અનઅધિકૃત કબજો ધરાવતા આવાસો સંદર્ભે પણ જવાબદારો સામે પગલા લેવાતા નથી. અગાઉ તંત્ર દ્વારા સે-૬ માં વીર ભગતસિંહ નગરમાં અનઅધિકૃત કબજેદારોનો વસવાટ હોવાના મામલે સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી જયારે તંત્રની આ રેઈડ દરમિયાન કુલ ૧૧ કિસ્સામાં આ પ્રકારના પેટાભાડુઆતોનો વસવાટ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ દરમિયાન આ અનઅધિકૃત કબજેદારો સામે કોર્ટ કાર્યવાહી હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો હતો જો કે આ મામલે હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી પરંતુ પુન : તપાસ માટે પણ ઉચ્ચ કક્ષાએથી સુચના આપવામાં આવી હોવાનુ પણ ચર્ચા સ્થાને છે. શહેરમાં હાલની સ્થિતિએ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com